દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

ગુરુવાર ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬

# આર્થિક મોરચે મોટો ભૂકંપ આવવાના એંધાણ, ભારત દેશે સાવધાની રાખવી જરૂરી

વિશ્વ હાલ એક એવા વિરોધાભાસી અને નાજુક મોડ પર આવીને ઊભું રહ્યું છે, જ્યાં એક તરફ યુદ્ધના મેદાનમાં શસ્ત્રો શાંત પડ્યા હોવાના આશ્વાસનદાયક સમાચાર છે, તો બીજી તરફ આર્થિક મોરચે મોટો ભયંકર ભૂકંપ આવવાની સ્પષ્ટ ચેતવણીઓ મળી રહી છે.

મધ્ય પૂર્વમાં યુએસ અને ઈરાન વચ્ચેના તણાવ બાદ યુદ્ધવિરામની સ્થિતિ સર્જાતાં વિશ્વએ રાહતનો શ્વાસ લીધો હતો, પરંતુ આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) ના વડા ક્રિસ્ટાલિના જ્યોર્જિવા દ્વારા આપવામાં આવેલી ચેતવણીએ સ્પષ્ટ કરી દીધું છે કે ક્ષણિક શાંતિથી વૈશ્વિક અર્થતંત્રની સંકટમય કટોકટી ટળી નથી. 'યુદ્ધ અટક્યું છે પણ કટોકટી પૂરી નથી થઈ'. આ વિધાન માત્ર એક હેડલાઇન નથી, પરંતુ આવનારા સમયની આર્થિક વાસ્તવિકતાનું પ્રતિબિંબ છે.

વૈશ્વિક અર્થતંત્ર માટે સૌથી મોટું ક્ષણિક અને દીર્ઘકાલીન જોખમ ક્રૂડ તેલના સતત ભડકે બળતા ભાવ અને ઊર્જા ક્ષેત્રે સર્જાયેલું અસ્થિર વાતાવરણ છે. બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડના દરો સતત ઊંચા સ્તરે જળવાઈ રહેવાથી ઉત્પાદન અને પરિવહન ખર્ચમાં ભારે વધારો થયો છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ જેવા અતિ મહત્ત્વના દરિયાઈ વેપારી માર્ગો પર તણાવના કારણે સપ્લાય ચેઇનમાં જે વિક્ષેપ પડ્યો છે, તેણે સમગ્ર વિશ્વની આર્થિક ગતિવિધિઓને મંદ પાડી દીધી છે.

જોકે, વૈશ્વિક સમુદાયે હાલ પૂરતી આ પરિસ્થિતિ સંભાળી લીધી છે, પણ પડકાર હજુ પૂરો થયો નથી. તેલના ભાવમાં સહેજ પણ વધારો કે ઉછાળો વિશ્વભરમાં ફુગાવાની આગને ફરી ભડકાવી શકે છે. જ્યારે પણ ફુગાવો અનિયંત્રિત બને છે, ત્યારે તેની સીધી અસર વિવિધ દેશોની સેન્ટ્રલ બેંકોની નીતિઓ પર પડે છે. ફુગાવાને રોકવા માટે મધ્યસ્થ બેંકોએ વ્યાજદરો કડક અને ઊંચા રાખવા પડે છે, જે અંતતઃ વેપાર-ઉદ્યોગ, રોજગાર અને સામાન્ય માનવીની ખરીદશક્તિને ગંભીર નુકસાન પહોંચાડે છે.

આજના સમયમાં વૈશ્વિક અર્થતંત્ર સામૂહિક રીતે અનિયંત્રિત ફુગાવો અને દેવાના માતબર બોજ હેઠળ દબાયેલું છે. વિવિધ દેશોમાં બોન્ડ યીલ્ડ ૧૯ વર્ષના સૌથી ઉચ્ચતમ સ્તરે પહોંચી જવું એ આર્થિક દબાણ અને બજારના ભયની ગંભીર નિશાની છે. વિકસિત અને વિકાસશીલ દેશો બંને આજે ભારે દેવાના સંકટનો સામનો કરી રહ્યા છે.

વ્યાજદરો ઊંચા રહેવાને કારણે આ દેવાની ચુકવણીનો બોજ વધુ અસહ્ય બની રહ્યો છે, જેના લીધે સરકારો પાસે શિક્ષણ, સ્વાસ્થ્ય અને પાયાની સુવિધાઓ (ઇન્ફ્રાસ્ટ્રક્ચર) પર ખર્ચ કરવા માટે પૂરતા સંસાધનો બચતા નથી. IMF દ્વારા ૨૦ દેશોના નાણાકીય નેતાઓની બેઠક પહેલાં આપેલી ચેતવણી અતિ ગંભીર છે. જો આ દેશો પોતાના ખર્ચાઓ પર કાબૂ રાખીને મજબૂત અને શિસ્તબદ્ધ નાણાકીય નીતિઓ નહીં ઘડે, તો આવનારા સમયમાં આર્થિક વિકાસ દર તળિયે બેસી જશે અને નવી મંદી વિશ્વના વિશાળ જનસમુદાયને ગરીબી તરફ ધકેલી દેશે.

આ તમામ નિરાશાજનક અને ઘેરા આર્થિક સંકટ વચ્ચે પણ એક આશાનું કિરણ સ્પષ્ટપણે ઉભરી રહ્યું છે, અને તે છે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ. ટેકનોલોજીના આ નવા યુગે વૈશ્વિક અર્થતંત્રને એક નવો પ્રાણ આપવાનું શરૂ કર્યું છે. AI ટેકનોલોજી, ડેટા સેન્ટરોના અભૂતપૂર્વ નિર્માણ અને હાર્ડવેર ક્ષેત્રે થઈ રહેલું બમ્પર રોકાણ હવે માત્ર અમેરિકા પૂરતું મર્યાદિત નથી રહ્યું. ચીન, યુરોપ અને એશિયા સહિત સમગ્ર વિશ્વમાં આ ક્ષેત્રે જંગી મૂડીરોકાણ થઈ રહ્યું છે, જે વૈશ્વિક અર્થતંત્રને ધબકતું રાખવા માટે મુખ્ય એન્જિન સાબિત થઈ રહ્યું છે.

AI સેવાઓ અને ટેકનોલોજીથી વિવિધ ક્ષેત્રોમાં ઉત્પાદકતામાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. ઉત્પાદન, સ્વાસ્થ્ય, નાણાકીય સેવાઓ અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં કાર્યક્ષમતા વધવાને કારણે પરંપરાગત ક્ષેત્રોની આર્થિક મંદીની અસર આંશિક રીતે ઓછી થઈ રહી છે.

બેંગકોક ખાતે યોજાનારી આગામી IMFની બેઠક પહેલા વિશ્વના તમામ સાર્વભૌમ રાષ્ટ્રો માટે આ એક નિર્ણાયક સમય છે. આર્થિક સંકટમાંથી બહાર નીકળવા માટે માત્ર એક કે બે ટેકનોલોજી પર આધાર રાખવાને બદલે દેશોએ લાંબા ગાળાના સુધારા કરવા પડશે:

જેમાં દરેક દેશે પોતાના દેવાની મર્યાદા નક્કી કરી બિનજરૂરી સરકારી ખર્ચાઓ પર કાબૂ મેળવવો પડશે. પરંપરાગત ક્રૂડ તેલ પરની નિર્ભરતા ઘટાડીને પુનઃપ્રાપ્ય ઊર્જા તરફ ઝડપથી વળવું અનિવાર્ય બન્યું છે, જેથી ક્રૂડના ભાવમાં થતી અસ્થિરતાની અસર અર્થતંત્ર પર ઓછી થાય. વિશ્વના મોટા દેશો વચ્ચે વધતો વેપાર તણાવ બંધ થવો જોઈએ. વૈશ્વિક સપ્લાય ચેઇનને મજબૂત અને મુક્ત બનાવવી એ જ વર્તમાન મંદી સામે લડવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

યુદ્ધ અટકવાથી એક ભયાનક વિનાશ અટક્યો છે, પણ આર્થિક મોરચે લડાઈ હજુ ચાલુ છે. ક્રૂડના ભડકે બળતા ભાવ, દેવાનો પહાડ અને ફુગાવા સામે જો વૈશ્વિક નેતાઓ સમયસૂચકતા નહીં વાપરે અને શિસ્તબદ્ધ નીતિઓ નહીં અપનાવે, તો અર્થતંત્રને મંદીના ઊંડા વમળમાંથી બહાર લાવવું અશક્ય બની જશે. ટેકનોલોજી અને AI જેવી નવી આશાઓનો યોગ્ય ઉપયોગ કરીને અને આર્થિક શિસ્ત જાળવીને જ વિશ્વ આ ભયાનક આર્થિક કટોકટીમાંથી ઉગરી શકશે.

# ભારતીય કૃષિ અર્થતંત્રમાં બટાટાની સફર: વિદેશી કંદથી આર્થિક આધારસ્તંભ સુધી

ભારતીય જીવનશૈલી અને ખાદ્ય સંસ્કૃતિમાં બટાટાને 'શાકભાજીનો રાજા' અથવા ગરીબનો સાચો મિત્ર માનવામાં આવે છે. ભારતના કોઈ પણ ખૂણામાં તમે જાવ, ઉત્તરના મસાલેદાર પરાઠાથી લઈને દક્ષિણના મસાલા ઢોસા સુધી અને પશ્ચિમના બટાટા વડાંથી લઈને પૂર્વના દમ આલુ સુધી દરેક રસોડામાં બટાટા અનિવાર્ય અંગ છે. શાકાહારી આહારમાં પોષક તત્ત્વો, સસ્તી ઊર્જા અને વિપુલ પ્રમાણમાં કાર્બોહાઈડ્રેટ્સ પૂરાં પાડવામાં આ કંદ બેજોડ છે. ભારતની કૃષિ અને ખાદ્ય સંસ્કૃતિમાં બટાટાનું સ્થાન અનોખું અને અત્યંત મહત્ત્વપૂર્ણ છે. મૂળ દક્ષિણ અમેરિકાના એન્ડીઝ પ્રદેશનો આ પાક ભારતીય મૂળનો નથી, પરંતુ સમય જતાં તેણે ભારતની જમીન, હવામાન, રસોઈ અને અર્થતંત્રમાં એટલું ઊંડું સ્થાન મેળવી લીધું છે કે આજે તેને સંપૂર્ણપણે ભારતીય પાક તરીકે ઓળખવામાં આવે છે. ઐતિહાસિક સ્રોતો મુજબ ૧૭મી સદીમાં પોર્ટુગીઝ વેપારીઓ મારફતે બટાટા ભારતમાં આવ્યા હતા. શરૂઆતમાં તે માત્ર એક સામાન્ય વિદેશી કંદ હતું, પરંતુ બ્રિટિશ કાળ દરમિયાન અને ખાસ કરીને ૨૦મી સદીમાં 'ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ'(ICAR) હેઠળની સેન્ટ્રલ પોટેટો રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ (CPRI)ની સ્થાપના બાદ વૈજ્ઞાનિક સંશોધનોને કારણે આ પાકે વ્યાવસાયિક સ્વરૂપ લીધું. આજે ICAR-CPRI દ્વારા ભારતના વિવિધ ભૌગોલિક વાતાવરણ માટે અસંખ્ય ઉન્નત જાતો વિકસાવવામાં આવી છે, જેણે દેશની કૃષિ કાયાપલટ કરવામાં મોટો ફાળો આપ્યો છે.

ઉત્પાદનમાં અભૂતપૂર્વ વૃદ્ધિ અને ટેકનોલોજીનું યોગદાન

ભારતમાં બટાટાના ઉત્પાદનમાં છેલ્લા બે દાયકામાં અદ્ભુત વૃદ્ધિ નોંધાઈ છે. સત્તાવાર કૃષિ અહેવાલો મુજબ, ૨૦૦૧-૦૨માં દેશમાં બટાટાનું કુલ ઉત્પાદન આશરે ૨૪.૪૬ મિલિયન ટન હતું, જે વધીને તાજેતરનાં વર્ષોમાં (૨૦૨૪-૨૫) આશરે ૫૮.૫૭ મિલિયન ટનને વટાવી ગયું છે. આમ, ઉત્પાદનમાં લગભગ ૨.૪ ગણો વધારો જોવા મળ્યો છે. આ આશ્ચર્યજનક વૃદ્ધિ પાછળનું મુખ્ય કારણ માત્ર ખેતીલાયક જમીનનો વિસ્તાર નથી, પરંતુ પ્રતિ હેક્ટર ઉત્પાદકતામાં થયેલો જબરદસ્ત સુધારો છે:

ઉત્પાદકતામાં વધારોઃ ૨૦૦૧-૦૨માં પ્રતિ હેક્ટર ઉત્પાદકતા ૧૯.૪ ટન આસપાસ હતી, જે આધુનિક ટેકનોલોજી, ગુણવત્તાયુક્ત બિયારણ અને સુધારેલી ખાતર વ્યવસ્થાપન પદ્ધતિઓને કારણે વધીને ૨૫ ટન પ્રતિ હેક્ટરથી પણ ઉપર પહોંચી ગઈ છે.

વૈજ્ઞાનિક જાતોઃ ICAR દ્વારા વિકસિત 'કુફરી ચિપભારત' જેવી પ્રોસેસિંગ માટેની વિશિષ્ટ જાતો આ દિશામાં ક્રાંતિકારી પરિવર્તન લાવી રહી છે.

આ વિકાસયાત્રામાં ગુજરાતનું યોગદાન અત્યંત નોંધપાત્ર અને પ્રેરણાદાયી રહ્યું છે. ગુજરાત બટાટાના રાષ્ટ્રીય નકશા પર એક મજબૂત અને અગ્રણી કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. ગુજરાતમાં હાથ ધરાયેલા અભ્યાસો દર્શાવે છે કે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવાથી ખેડૂતોનું ઉત્પાદન અને ચોખ્ખો નફો બંનેમાં મોટો ઉછાળો આવ્યો છે.

બટાટાની અર્થવ્યવસ્થામાં ભાવની અસ્થિરતા એક મોટો પડકાર છે, કારણ કે સીઝન દરમિયાન અચાનક ઉત્પાદન વધવાથી બજારભાવ ગગડી શકે છે અને ખેડૂતોને આર્થિક જોખમનો સામનો કરવો પડે છે.કોલ્ડ સ્ટોરેજ ખેડૂતો માટે માત્ર પાક સાચવવાની જગ્યા નથી, પરંતુ 'ટાઈમ આર્બિટ્રેજ' પૂરું પાડે છે, જેથી ખેડૂત કાપણીની મોસમમાં ઓછા ભાવે વેચવાને બદલે ૪ થી ૮ મહિના પછી અનુકૂળ સમયે પોતાના પાકને સારા ભાવે વેચી શકે છે. ભવિષ્યની માંગ માત્ર તાજા બટાટાના વપરાશ પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ પ્રોસેસિંગ ઉદ્યોગ (ફ્રેન્ચ ફ્રાઈસ, ચિપ્સ, ફ્લેક્સ અને તૈયાર ખાદ્ય પદાર્થો) અને ગુણવત્તાયુક્ત બિયારણની નિકાસ નવા વિકાસનાં એન્જિન બનશે.

## ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

**આ વિકાસયાત્રામાં ગુજરાતનું યોગદાન અત્યંત નોંધપાત્ર અને પ્રેરણાદાયી રહ્યું છે, ગુજરાત બટાટાના રાષ્ટ્રીય નકશા પર એક મજબૂત અને અગ્રણી કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે**

આજે બટાટા માત્ર રસોડા પૂરતાં સીમિત નથી રહ્યાં, પરંતુ તે અનેક સહાયક અને મોટા ઉદ્યોગોના મુખ્ય કાચા માલ તરીકે ઉભરી આવ્યાં છે. બટાટામાંથી બનતાં ચિપ્સ, ફ્રેન્ચ ફ્રાઈઝ, ફ્લેક્સ, પાપડ અને રેડી-ટુ-ઈટ ખાદ્ય પદાર્થો બનાવતા ઉદ્યોગોનો વ્યાપ દેશભરમાં ઝડપથી વધી રહ્યો છે. બટાટામાંથી મળતા સ્ટાર્ચ (ફરીના)નો ઉપયોગ ટેક્સટાઈલ મિલોમાં યાર્ન સાઈઝિંગ માટે, લોન્ડ્રીમાં અને ગ્લુકોઝ તેમજ ડેક્સ્ટ્રિનના ઉત્પાદનમાં વ્યાપકપણે થાય છે. ગુણવત્તાયુક્ત બિયારણનું ઉત્પાદન, સોર્ટિંગ-ગ્રેડિંગ યુનિટ્સ અને અત્યાધુનિક કોલ્ડ સ્ટોરેજ તથા રેફ્રિજરેટેડ ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્રે લાખો લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારી મળી રહી છે.

ભારતીય કૃષિ અર્થતંત્રમાં બટાટા એક મહત્ત્વપૂર્ણ પાક હોવાથી, તેના ઉત્પાદન, સંરક્ષણ અને બજાર વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે સરકારે ભાવની અસ્થિરતા સામે ખેડૂતોને બચાવવા માટે સરકારે યોગ્ય સમયે ટેકાના ભાવ (MSP) અથવા બફર સ્ટોક જેવી અસરકારક નીતિઓ અપનાવવી જોઈએ. ખેડૂતોને વૈજ્ઞાનિક પદ્ધતિના કોલ્ડ સ્ટોરેજ અને રેફ્રિજરેટેડ ટ્રાન્સપોર્ટેશનની સસ્તી અને સરળ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જોઈએ, જેથી તેઓ 'ટાઈમ આર્બિટ્રેજ'નો લાભ મેળવી શકે. બટાટા આધારિત ઉદ્યોગો (જેમ કે ચિપ્સ, ફ્રેન્ચ ફ્રાઈસ અને સ્ટાર્ચ યુનિટ્સ)ને પ્રોત્સાહન આપવા માટે સબસિડી અને ખાસ ફુડ પાર્કનું નિર્માણ કરવું જોઈએ, જેથી ખેડૂતોને તેમના પાકના વધુ સારા ભાવ મળી શકે. હીટ-ટોલરન્ટ તેમજ રોગપ્રતિકારક બટાટાની નવી જાતો વિકસાવવા માટે સંશોધન કેન્દ્રોને વધુ પ્રોત્સાહન અને અનુદાન આપવું જોઈએ.

ભવિષ્ય તરફ નજર કરીએ તો, ભારતીય બટાટાનું અર્થતંત્ર માત્ર વધુ ઉત્પાદન કરવાથી આગળ વધીને ગુણવત્તા અને મૂલ્યવર્ધનના તબક્કામાં પ્રવેશી રહ્યું છે. આબોહવા પરિવર્તન, હીટવેવ, રોગચાળો અને બજારનાં જોખમો જેવા પડકારો સામે પહોંચી વળવા માટે હીટ-ટોલરન્ટ જાતો, ડ્રિપ ઈરિગેશન, પ્રિસિઝન એગ્રીકલ્ચર અને મજબૂત વેલ્યુ ચેઈન અપનાવવી અનિવાર્ય છે. ટૂંકમાં, ભારતીય બટાટાની સફર 'આયાતથી અનુકૂલન, ભારતીયકરણ, વ્યાવસાયિકીકરણ અને ઔદ્યોગિકીકરણ'ની રહી છે અને આગામી સમયમાં ખેડૂતો માટે જથ્થા કરતાં ગુણવત્તા વધુ મહત્ત્વની બનશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## માણસ દુઃખી કેમ છે?

એક ટ્રક ઘઉંની ગુણીઓથી ભરચક ભરેલી હતી. રસ્તામાં સ્પીડબ્રેકર આવ્યું, ટ્રક ડ્રાઈવરને ન દેખાયું એટલે ટ્રક ઉછળી અને એક ઘઉંની ગુણી રસ્તા પર પડીને ફાટી ગઈ અને ચારે બાજુ ઘઉંના દાણા ફેલાઈ ગયા.ટ્રક તો આગળ નીકળી ગઈ.

રસ્તામાં પડેલા ઘઉંના દાણા જોઇને ત્યાં ચકલી ,કબુતર ,કાગડો, કાબર જેવાં ઘણાં પક્ષીઓ ઊડી ઊડીને આવ્યાં અને દાણા ચણવા લાગ્યાં અને કલબલાટ કરી બીજાં પક્ષીઓને પણ બોલાવવા લાગ્યાં અને ભરપેટ દાણા ચણીને ઊડી જવા લાગ્યાં.



ત્યાં રસ્તા પરના દાણા ખાવા બકરી પણ આવી અને ઘેંટા પણ આવ્યાં અને ભરપેટ દાણા ખાવા લાગ્યા. ઉંદર અને ખિસકોલી પણ આવ્યાં અને બધા ભરપેટ દાણા ખાઈને જતાં રહેતાં અને બીજાને ખાવા બોલાવતાં.કીડીઓ પણ ભેગી થઈ અને એક એક દાણો ખાવા લાગી.

હવે રસ્તા પર ચાલતો એક માણસ આવ્યો અને તેનું ધ્યાન રસ્તા પર પડેલા ઘઉં અને ગુણી પર પડ્યું.તેણે શું કર્યું?

સૌથી પહેલાં તે લાકડી લઈને આવ્યો અને દાણા ખાતાં બધાં પશુ અને પંખીઓને ત્યાંથી ભગાડી દીધાં અને પછી તેણે ગુણી ઉપાડી અને આજુબાજુ વેરાયેલા બધા ઘઉંના દાણા ભેગા કરી ગુણીમાં ભરી દીધા અને ગુણી ખભા પર ઉપાડવી બહુ ભારે હોવાથી તે ઘસડી ઘસડીને આખી ગુણી પોતાની સાથે લઇ ગયો.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

આ નાનકડી વાત એક સુંદર સમજ આપે છે અને માણસની સ્વાર્થી ફિતરત સમજાવે છે.

પંખીઓ, પશુઓ અને જીવજંતુઓ બધાં આજમાં જીવે છે અને સમજે છે કે કુદરતે આજે ભોજન આપ્યું છે તો કાલે પણ આપશે.તેઓ માત્ર પોતાની આજની ભૂખ સંતોષે છે અને બીજાને પણ ખાસ ભૂખ સંતોષવા બોલાવે છે અને હળીમળીને સુખેથી જીવે છે.

જયારે માણસ અત્યંત લોભી અને લાલચુ છે. તે આજમાં જીવતો જ નથી. તેને આજ કરતાં કાલની ચિંતા વધુ છે અને માણસ સમજતો નથી કે આવતી કાલે તે હશે કે નહિ તે તો જાણતો નથી પણ માત્ર પોતાની આવતી કાલની અને આવનારી સાત પેઢીની ચિંતા કરે છે અને ભેગું કરવામાં જ જીવે છે અને એટલે જ આવતી કાલ માટે ભેગું કરવા દોડતો રહે છે અને આજમાં જીવી શકતો જ નથી.

માણસ એટલે દુઃખી જ રહે છે કારણ કે તે એકમાત્ર જીવ છે. કાલની ખોટી ચિંતામાં આજે રડે છે. આવતી કાલની ચિંતા કરી તે ડરે છે પણ મોટા ભાગે એવું કંઈ થતું જ નથી. પોતાની પાસે સૌથી વધુ છે તે દેખાડવામાં તે જરૂરત કરતાં અનેકગણું ભેગું કરવામાં ભાગતો રહે છે અને ક્યારેય આનંદથી જીવી શકતો નથી. હંમેશા દુઃખી રહે છે.

# જર્સીનો રંગ બદલવાથી બીજું કશું બદલાશે ખરું?

હોકીના ખેલાડીએ હાથમાં હોકીસ્ટિક લઈને દોડવાનું હોય, બીજા ખેલાડીને પાસ આપવાનો હોય, ગોલ કરવાનો હોય. આ બધામાં તેણે પહેરેલી જર્સીનો રંગ કોઈ રીતે મદદરૂપ બની શકે ખરો? તેણે પહેરેલી જર્સીનો રંગ વાદળી હોય કે કેસરી, હોકી સ્ટિક અને તેની આવડત એની એ જ રહે છે. આમ છતાં, રંગની એક મુશ્કેલી છે.

ભારતીય હોકી ટીમની ઓળખ બની ગયેલી વાદળી રંગની જર્સી સાથે બિલકુલ આવું થયું છે. સોએક વર્ષથી ભારતીય હોકી ટીમ સાથે આ રંગ અભિન્નપણે સંકળાઈ ગયો છે અને હવે આ વાદળી રંગનું સ્થાન કેસરી રંગ લેવાનો છે. રંગ તો રંગ હોય છે, પણ તેની સાથે આપણે વિવિધ ભાવથી લઈને ધાર્મિક લાગણીઓ સાંકળતાં હોઈએ છીએ. રંગ જેવી બાબત પર પણ રાજકારણ ખેલાતું થઈ ગયું છે.

અને એ જ ક્રમમાં કેસરી રંગ પર પસંદગી ઊતરી હોય એમ જણાય છે. હકીકતમાં કેસરી રંગ અન્ય કોઈ રંગ જેવો જ રંગ છે. તેની સામે શો વાંધો હોઈ શકે? ભારતના ધ્વજમાં પણ એક રંગ કેસરી છે, જે ત્યાગ અને બલિદાન સૂચવે છે. તેનો પોતાનો એક અર્થ છે, એક સ્થાન છે. એટલે સવાલ કેસરી રંગનો નથી. સવાલ એ છે કે કેસરી રંગને લાવવા માટે વાદળી રંગને શું કામ હટાવવો પડ્યો?

આવો સવાલ પૂછનારને ચોક્કસ રંગવિરોધી, તેથી ચોક્કસ પક્ષવિરોધી અને એ કારણે રાષ્ટ્રવિરોધી ગણાવી દેવા માટે કેટલાય લોકો ટાંપીને બેઠા હોય છે. આદર્શ રીતે જોઈએ તો કોઈ રંગ કોઈ એક પક્ષની માલિકીનો નથી, છતાં રંગને કોઈ એક રાજકીય અર્થમાં મર્યાદિત કરી દેવાનું રાજકારણ જૂનું છે.

જર્સીનો રંગ બદલવો હોય તો બદલી શકાય. તેનું ક્યાં કોઈ શાસ્ત્ર છે?

આખી દુનિયાની ટીમો પોતાની કિટ બદલતી રહે છે. પ્રાયોજકો બદલાય, ડિઝાઈન બદલાય, આંતરરાષ્ટ્રીય નિયમો મુજબ રંગ બદલવો પડે–આ બધો રમતજગતનો સામાન્ય વ્યવહાર છે. પણ એક બાબત સામાન્ય વ્યવહારથી થોડી અલગ પડે છે. એ છે એક રમતની ઐતિહાસિક ઓળખને બદલવી.

ધ્યાનચંદથી લઈને બલબીરસિંહ સુધીના ખેલાડીઓ અને તેમની પછીની પેઢીઓએ જે વારસો ઊભો કર્યો, એ કોઈ જર્સી ડિઝાઈનરની કલ્પના કરતાં અનેક ગણો મોટો છે, કેમ કે, એ ઊભો કરવા માટે ખેલાડીઓએ પરસેવો સીંચેલો છે. આથી અહીં સવાલ થાય કે જર્સીનો રંગ બદલવાનો આ નિર્ણય લીધો કોણે?

એની પાછળનું કોઈ કારણ ખરું? એના માટે સંબંધિત ખેલાડીઓ અને આ રમતના ભૂતપૂર્વ દિગ્ગજો સાથે કશી ચર્ચા થઈ ખરી? આવા સવાલ અને શંકા એટલા માટે પણ થાય કે હોકી ઈન્ડિયાના પ્રમુખ દિલીપ ટિર્કીએ સુધ્ધાં આ નિર્ણયની મંજૂરી અંગે સવાલ ઉઠાવ્યો છે. મતલબ કે માત્ર જર્સીના રંગની નથી; નિર્ણય લેવાની રીતની પણ કરવી પડે.

આવો આદેશ ખરેખર 'ઉપરથી' આવ્યો કે પછી 'ઉપરવાળા'ને ખુશ કરવા સંબંધિત અધિકારીઓએ આવો નિર્ણય લીધો? એક બાબત આપણા મનમાં સ્પષ્ટ હોવી જોઈએ કે જે તે કાળખંડના કોઈ હોદ્દેદારને મળેલી સત્તા અને કોઈ એક પેઢીનો સુદીર્ઘ વારસો–આ બન્ને અલગ બાબતો છે. જે વ્યક્તિ આજે અધિકારી છે, તે કાલે નહીં હોય. આજે જે ખેલાડી છે, તે થોડાં વર્ષ પછી ભૂતપૂર્વ ખેલાડી બની જશે. પ્રમુખ બદલાશે, કોચ બદલાશે, પ્રાયોજક બદલાશે પણ સંસ્થાની સ્મૃતિ નિરંતર રહેવાની. ઘણી વાર આપણે સંસ્થાઓને એવી રીતે જોઈએ છીએ જાણે કે ત્યાં બેઠેલાં લોકો એટલે જ સંસ્થા. હકીકતમાં સંસ્થા એ લોકો કરતાં વધુ પરિપક્વ અને સુદીર્ઘ હોય છે.

## ફીર દેખો યારોં

બીરેન કોઠારી

**એક તરફ જોરશોરથી આપણે વારસાને જાળવવાની વાત કરીએ છીએ અને સાથોસાથ વારસાની સૌથી દેખાતી નિશાનીને બદલી નાખીએ છીએ**

એક તરફ જોરશોરથી આપણે વારસાને જાળવવાની વાત કરીએ છીએ અને સાથોસાથ વારસાની સૌથી દેખાતી નિશાનીને બદલી નાખીએ છીએ. તેના માટે કારણ પણ એવું ક્ષુલ્લક આપીએ છીએ કે આ તો રાષ્ટ્રીય રંગ છે. શું ભારતની ઓળખ કેવળ એક રંગમાં સમાઈ જાય છે? અરે, આપણા રાષ્ટ્રધ્વજમાં પણ ત્રણ રંગ છે અને ભારતનો ઈતિહાસ એથીય અનેકગણો રંગીન છે.

મુખ્ય મુદ્દો એ નથી કે જર્સીનો રંગ કેસરી કેમ કર્યો. અરે! એમાં સફેદ અને લીલો ઉમેરીને રાષ્ટ્રધ્વજના રંગો પણ કરી શકાય. વાત એ છે કે કેવળ રં બદલવાથી ભારતીય હોકીની પરિસ્થિતિમાં કશો ફેરફાર થવાનો છે ખરો? નવા રંગની જર્સીથી ભારતીય હોકીની રમતમાં કશી નવીનતા આવશે? નવી પ્રતિભાને તક, તાલીમની નિતનવી પદ્ધતિઓ, સારી સુવિધાઓ. યોગ્ય વહીવટ, ખેલાડીઓ પ્રત્યેની જવાબદારી અને આખરે, મેદાન પરનું પ્રદર્શન. કેવળ જર્સીનો રંગ બદલવાથી આમાંની એકેય વસ્તુ સુધરવાની છે? હા, કદાચ નવા રંગની જર્સી બજારમાં પણ વેચાતી થશે. તેની તસવીરો આવશે. થશે. સોશિયલ મીડિયા પર ચર્ચા થશે. થોડા દિવસ લોકો તેના રંગ વિશે વાત કરશે. પણ પછી મેદાન પરની વાસ્તવિક રમત શરૂ થશે ત્યારે રંગ નહીં, ખેલાડી દેખાશે.

એટલે હરિફરીને આ આખી ચર્ચા કદાચ એક જ સવાલ પર આવીને અટકે છેઃ આપણે ભારતીય હોકીની ઓળખમાં કંઈ ઉમેરવા માગીએ છીએ કે કંઈ કાઢી નાખવા માગીએ છીએ? રંગ બદલવાથી જર્સી બદલાશે, સંબંધિત નિર્ણયકર્તાથી કદાચ રાજકીય નેતાઓ ખુશ થઈને તેને બઢતી આપશે, પણ એ રીતે ન તો ઈતિહાસ બદલી શકાશે, ન તો પ્રવર્તમાન પરિસ્થિતિમાં કશો સુધારો લાવી શકાશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### હોકીના જાદુગર મેજર ધ્યાનચંદ

હોકીની રમતના પર્યાય,કારકિર્દી દરમ્યાન 1 હજાર ગોલ કરનાર,રાષ્ટ્રીય હોકી ટીમના સભ્ય રહી સતત ત્રણ વખત ( 1928,1932,1926 ) ભારતને ઓલમ્પિક હોકી ખેલમાં સુવર્ણચંદ્રક અપાવનાર,હોકી ટીમના સેન્ટર ફોરવર્ડ ખેલાડી પદ્મભૂષણ મેજર ધ્યાનચંદનો જન્મ 29/08/1905ના રોજ થયો હતો.એમના જન્મ દિવસને રાષ્ટ્રીય ખેલ દિવસ તરીકે મનાવાય છે.ફૂટબોલમાં પેલે અને ક્રિકેટમાં બ્રેડમેન જેવુ અવિચળ સ્થાન હોકીમાં ધ્યાનચંદનું છે.તેમની હોકી સ્ટીક સાથે બોલ તેઓ એ રીતે ડ્રિબલિંગ કરતા કે,બોલ જાણે સ્ટીક સાથે ચોંટેલો હોય.પ્રતિસ્પર્ધીઓ પણ તેમની પ્રશંસા કરતા.1936ના ઓલમ્પિક દરમ્યાન હિટલર પણ તેમની રમતથી પ્રભાવિત થયો હતો.વિયેનામાં ચાર હાથમાં ચાર હોકી સાથેની તેમની પ્રતિમા તેમનું કૌશલ્ય દર્શાવે છે.1936ના ઓલમ્પિક રમતોત્સવમાં તેઓ ભારતીય હોકી ટીમના કેપ્ટન હતા.મહાન બ્રેડમેન પણ તેમની રમતથી પ્રભાવિત થયા હતા. ઓસ્ટ્રેલિયાના હોકી પ્રવાસ દરમ્યાન તેમણે 48 મેંચોમાં 201 ગોલ કર્યાં હતા.રમત દરમ્યાન બોલ પરના પ્રભુત્વ અને ફિલ્ડ ગોલ કરવાની તેમની આવડતના કારણે તેઓ હોકીના જાદુગર કહેવાતા હતા.તેમનું અવસાન 3/12/1979ના રોજ 74 વર્ષની ઉંમરે થયુ હતુ.

**સુરત - સુરેન્દ્ર દલાલ**

### ગુજરાતમાં દારૂબંધી છે?

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં છેલ્લાં ૧૫ વર્ષમાં કુલ ૬ મોટા લઠ્ઠાકાંડ થયા. છેલ્લો લઠ્ઠાકાંડ ભાવનગરમાં થયો. ભાવનગરના લઠ્ઠાકાંડમાં મૃત્યુઆંક ૧૩ પર પહોંચ્યો છે જેમાં એક સુરતના સંજયસિંહ પણ છે. ૬૦-૭૦ જણા હોસ્પી.માં સારવાર હેઠળ છે. વર્ષ ૨૦૧૧માં બોમ્બે પ્રોહિબિશન એક્ટમાં સુધારો કરીને ઝેરી દારૂ બનાવનારા અને વેચનારાઓ માટે ફાંસીની અથવા આજીવન કેદની સજા નક્કી કરી હતી. પણ અત્યાર સુધીમાં લઠ્ઠાકાંડ કરનારા કોઈ પણ બુટલેગરને ફાંસીની કે આજીવન કેદની સજા થઈ નથી. આમ કાયદો કાગળ પર રહ્યો છે. આને કારણે બુટલેગરોને કાયદાનો કોઈ ડર રહ્યો નથી.ગલીમાં નાનો છોકરો પણ જાણે છે કે ગલીને નાકે દારૂ વેચાય છે. પણ કમનસીબે પોલીસને, પી.આઈ.ને, પો.ક.ને કે ગૃહમંત્રીને આની જાણ હોતી નથી. છેલ્લે જ્યારે આવા લઠ્ઠાકાંડ બને છે ત્યારે પોલીસતંત્ર સફાળું જાગે છે. સમાજમાં છડેચોક વાત થાય છે કે પોલીસતંત્ર દારૂના અડ્ડાઓ ચલાવનારા પાસે રેગ્યુલર હપ્તા ઉઘરાવે છે. ક્યાં તો દારૂબંધી બંધ કરો અથવા તો તેનો સખ્તાઈથી અમલ કરો. આ ગાંધીના ગુજરાતમાં લઠ્ઠાકાંડની બનતી ઘટનાઓ સરકાર માટે શરમજનક છે. જ્યાં સુધી લઠ્ઠાકાંડમાં સંડોવાયેલા બુટલેગરોને ફાંસીની સજા કરશે નહિ ત્યાં સુધી નિર્દોષ લોકો મરતાં રહેશે અને સરકાર જોતી રહેશે! ભ્રષ્ટાચારની પણ કોઈ હદ હોય કે નહિ?

**સુરત - ડો. કિરીટ ડુમસિયા**

### ઈદે મિલાદની સાચા અર્થમાં ઉજવણી

આપણે જરા ઈદે મિલાદને જરા જુદી રીતે જોઈએ. ઈદે મિલાદના પવિત્ર તહેવારને આપણા પ્યારા નબી સાહેબ હઝરત મોહમ્મદ પયગંબર સાહેબ પ્રત્યેના આપણા જીવનમાં આપણા રોજિંદા કામોમાં અમલ કરવાનો સુંદર અવસર છે. આપણાથી બની શકે તેટલું શિક્ષણ ભણતરને પ્રોત્સાહન આપીએ ગરીબ અને તેજસ્વી જરૂરિયાતમંદ વિધાર્થીને પુસ્તકો આપીએ સ્કોલરશીપમાં શક્ય એટલી મદદ કરીએ. આપણાથી બને તો એકાદ વિધાર્થીના શિક્ષણની જવાબદારી લઈએ તરસ્યાને પાણી ભૂખ્યાને ભોજન જરૂરીયામંદ પરિવારો સુધી રેશન અને જમવાનું પહોંચાડીએ.

બીમાર અને ગરીબોની સેવા કરીએ દવા સારવાર અને આરોગ્ય તપાસમાં મદદરૂપ બનીએ યતીમ અને વિધવાઓની મદદ કરીએ તેમની જરૂરિયાતો અને શિક્ષણ માટે વ્યવસ્થા કરી શકાય તેમને કઈ હુન્નર શીખી લે એ પ્રમાણે વ્યવસ્થા કરી આપીએ. નબી સાહેબ પ્રત્યેનો પ્રેમ માત્ર શબ્દોમાં નહીં આપણા વાણી વર્તન પહેરવેશ અને અમલમાં દેખાવો જોઈએ આપ સાહેબની સુન્નતને અપનાવીએ માનવતાની સેવા કરીએ અને સમાજ માટે ઉપયોગી બનીએ આજ ઈદે મિલાદની સૌથી સુંદર અને અર્થપૂર્ણ ઉજવણી બની શકીએ.

**સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા**

### બાળપણ અને દફતરનો ભાર

બાળકથી લઈને દેશના વિકાસમાં શિક્ષણરૂપી સંસ્થા શાળાનું સ્થાન સર્વોપરી છે આજના આધુનિક યુગમાં શિક્ષણની હરિફાઈમાં બાળપણ ક્યાંક ખોવાઈ રહ્યુ હોય એવું લાગે છે નાના નાના ભૂલકાઓ અને બાળકોના દફતર જોઈને એક ચિંતાતુર પ્રશ્ન માનસચિત ઉપર ઊભો કરે છે દફતરનું વજન માત્ર કાગળ અને પુસ્તકોનો ભાર નથી પણ માસૂમ બાળકો ઉપર કરવામાં આવતો અન્યાય છે ભારે દફતર ઊંચકવાને કારણે બાળકોમાં નાની ઉંમરમાં જ ઘણી બધી શારીરિક સમસ્યાનો ઉદભવ થાય છે જેના પરિણામે વિવિધ માનસિક રોગોથી પણ બાળક પીડાઈ છે ત્યારે પ્રશ્ન થાય કે દફતરનો ભાર કેટલો ? ભાર વિનાનું ભણતરની છબી આજે કઈ અલગ જ પ્રકારે જોવા મળે છે નવી શિક્ષણનીતિ અનુસાર દફતરનો ભાર ઘટાડવાની પ્રક્રિયા કરવામાં આવી છે પરંતુ વાલીથી લઈને શૈક્ષણિક મંડળનાં સભ્યોના સહિયારા પ્રયાસથી આ વિકટ સમસ્યાનો અંત લાવવો અનિવાર્ય છે ટાઈમટેબલની સાથે પુસ્તકો શાળામાં જ રાખવાની વ્યવસ્થા કરવી અનિવાર્ય છે જો સમયસર ધ્યાન આપવામાં ન આવે તો ભવિષ્યની પેઢી શારીરિક રીતે નબળી સાબિત થશે.

**નવસારી - વિરલકુમાર ટંડેલ**

### હંમેશા હા કહેવી જરૂરી નથી

દરેક માનવીને વ્યવહારમાં કંઈપણ બાબતમા સામેની વ્યક્તિને ખોટું ન લાગે તે માટે હા જ કહેવાની ટેવ હોઈ છે. કોઈ વ્યક્તિ કોઈ કામ અન્યને સુપ્રત કરે તો તુરત જ ના કહેવામાં શ્રોભ અનુભવે છે. પછી ભલે કામ ન થાય. જે લોકો સાચુ અને સત્ય હોઈ તો પણ ના કહેતાં નથી હા મા હા મિલાવિય કરે છે. આવા વ્યક્તિઓ ન તો કોઈને સાચી દિશા આપી શકે છે, પોતે આગળ પ્રગતિ કરી શકે છે. તેમ છતા વ્યવહારિક જીવનમાં ચોખ્ખુ બોલી નાખનારા બહુ ઓછાં હોય છે. જીવનમાં કોઈ ને સાચા કામ માટે હેરાન ન કરવા જોઈએ તથા સાચું માર્ગદર્શન આપવું જોઈએ.

**સુરત - ચન્દ્રકાન્ત રાણા**

### રેસ્ટોરન્ટની સ્વચ્છતા

૧૬મી ઑગસ્ટના 'ગુજરાતમિત્ર' ના અંતિમ પૃષ્ઠના અહેવાલ મુજબ વરાછા રોડની એક રેસ્ટોરન્ટના શાક થકી એક પરિવારને ખોરાકી ઝેરનો સામનો કરવો પડ્યો અને એક માસૂમ બાળા મોતને શરણ થઈ, જે દુઃખદ ઘટના કહેવાય. તંત્ર સાબદું થઈ ગયું ! બીજે જ દિવસે અનેક રેસ્ટોરન્ટમાંથી અખાદ્ય ખોરાકનો નાશ પણ કરવામાં આવ્યો. દંડ પણ ફટકાર્યો ! પણ જે પરિવારે બાળકી ગુમાવી એ દુઃખનું શું ? આવી ઘટના થાય એટલે જવાબદાર તંત્ર એલર્ટ થઈ જાય પણ એ એલર્ટનેસ સમગ્ર વર્ષ દરમિયાન સતત રોજ જ હોવી જોઈએ. દર રવિવારે સુરતની મોટાભાગની રેસ્ટોરન્ટમાં 'વેઈટીંગ' હોય છે. મોજીલા સુરતી પરિવાર રવિવારે સાંજે રેસ્ટોરન્ટની મુલાકાત લેતા જ હોય છે. એ સુરતીઓની અંગત બાબત છે. પણ રેસ્ટોરન્ટમાં જનાર પ્રત્યેક ગ્રાહક કંઈ ત્યાંનું રસોડું સ્વચ્છ છે કે નહીં, અનાજ બગડેલું છે કે નહીં, શાકભાજી બગડેલા છે કે નહીં, રસોડામાં સ્વચ્છતાની જાળવણી થાય છે કે નહીં એ જોવા જતો નથી ! રસોડામાં 'નો એન્ટ્રી, ઓન્લી સ્ટાફ' લખ્યું હોય છે. કદાચ દિવસો પહેલા બનાવેલાં શાક અને વાનગી કોલ્ડ સ્ટોરેજ માંથી કાઢી ને ગરમ કરીને આપી દેવાતી હશે! અથવા તો સર્વત્ર હશે. તંત્ર એ પ્રજાની હેલ્થ-સુરક્ષા કાજે પણ હોટલ/રેસ્ટોરન્ટ માટે કડકાઈ વાપરવી જરૂરી. મહારાષ્ટ્રના તુકારામ મુંડે પાસે અધિકારીઓએ પ્રેરણા લેવી જેવી ખરી. પ્રજાના સ્વાસ્થ્ય સાથે રમત થતી અટકવી જોઈએ. અત્યારે બધાં પગલાં જોરશોરથી લેવાય, પછી જેસે થે એવી પરિસ્થિતિ ન જ હોવી જોઈએ.

**સુરત - નેહા. શાહ**